શુક્રવાર, 5 ડિસેમ્બર, 2025 માગશર વદ એકમ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

મલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ

## અમદાવાદ: કોંગ્રેસની બાઈક રેલીમાં મેવાણીનો હુંકાર, હર્ષ સંઘવીને આપી 'ડ્રગ્સ ડિબેટ'ની ચેલેન્જ

ગુજરાતને ડ્રગ્સ મુક્ત બનાવવાના નારા સાથે કોંગ્રેસે સરકાર સામે મોરચો માંડ્યો છે. આજે અમદાવાદમાં NSUI અને કોંગ્રેસના નેતૃત્વમાં એક વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. 'Say No to Drugs'ના બેનર હેઠળ યોજાયેલી આ રેલીમાં કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી સહિતના નેતાઓ જોડાયા હતા.

રેલી દરમિયાન જિજ્ઞેશ મેવાણીએ ગૃહમંત્રી હર્ષ સંઘવીને આડેહાથ લીધા હતા. મેવાણીએ કહ્યું હતું કે, "આજે હર્ષ સંઘવી મારા મત વિસ્તાર વડગામમાં છે, હું તેમને ચેલેન્જ આપું છું કે તેઓ અહીં આવે અને ડ્રગ્સના મુદ્દે પોલીસ ભવનમાં મારી સાથે ખુલ્લી ચર્ચા કરે." તેમણે આક્ષેપ કર્યો કે ગુજરાત હવે ડ્રગ્સનું રિટેલિંગ હબ બની ગયું છે અને 72 હજાર કરોડનું ડ્રગ્સ કોના ઈશારે આવ્યું તેનો જવાબ મળવો જોઈએ.

હેલ્પલાઈન અને જનતા રેડ: કોંગ્રેસે આ લડતને આગળ વધારવા એક વોટ્સએપ અને મિસ્ડકોલ નંબર (9909089365) જાહેર કર્યો છે. લોકો આ નંબર પર દારૂ કે ડ્રગ્સના વેચાણની ગુપ્ત માહિતી આપી શકશે. આ માહિતીના આધારે મહિલા કોંગ્રેસ પોલીસને જાણ કરશે અને જો પોલીસ કાર્યવાહી નહીં કરે તો મહિલા કાર્યકરો જાતે જઈને દારૂના અડ્ડા પર રેડ કરશે. બીજી તરફ NSUI રાજ્યના 200 શૈક્ષણિક કેમ્પસમાં વિદ્યાર્થીઓને નશાથી દૂર રહેવા પ્રતિજ્ઞા લેવડાવશે. જોકે, વિરોધ પ્રદર્શનમાં ઉત્સાહી નેતાઓ ટ્રાફિક નિયમો ભૂલ્યા હતા અને હેલ્મેટ વગર બાઈક ચલાવતા કેમેરામાં કેદ થયા હતા.



## કટારીયા ચોકડી બંધ: બ્રિજનું કામ શરૂ,

રાજકોટના કાલાવડ રોડ પર કટારીયા ચોકડી ખાતે ₹૧૬૭ કરોડના ખર્ચે બની રહેલા અંડરબ્રિજ અને આઇકોનિક ઓવરબ્રિજના કામના મુખ્ય તબક્કાની શરૂઆત થતાં ચોકડી બંધ કરવામાં આવી છે. ગઇકાલે રાત્રે ૧૧ વાગ્યાથી એકાએક રોડ બંધ થતાં વાહનચાલકોમાં દેકારો બોલ્યો હતો, કારણ કે મહાપાલિકા દ્વારા અગાઉથી કોઈ જાહેર જાણકારી આપવામાં આવી ન હતી. આ કામગીરી પાંચ મહિના ચાલશે, જેના કારણે વાહનવ્યવહાર હવે એપ્રિલ મહિના સુધી ગ્વાલિયા, કોસ્મોપ્લેક્સ અને કોરાટવાડી રોડ જેવા વૈકલ્પિક સર્વિસ રોડ પરથી પસાર થશે.

## સુરતમાં આરોગ્ય સાથે ચેડાં: નકલી પનીર-માવો જપ્ત

સુરતીઓ સાવધાન! તમારા સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા તત્વો પર પાલિકાએ તવાઈ બોલાવી છે. ઉધના અને પુણા વિસ્તારમાં દરોડા પાડી ફૂડ વિભાગે 80 કિલો શંકાસ્પદ 'એનાલોગ પનીર' અને 168 કિલો ભેળસેળયુક્ત માવો ઝડપી પાડ્યો છે. લગ્નપ્રસંગો અને મીઠાઈઓમાં વપરાતો આ હાનિકારક જથ્થો સીલ કરી તંત્રએ તપાસ હાથ ધરી છે.



## દિલ્હી ક્રાઈમ બ્રાન્ચના ASI ના વચેટિયાને શરતી જામીન




અમદાવાદમાં વિઝા કન્સલ્ટિંગ ઓફિસ પર રેડ બાદ ગ્રાહકોના પાસપોર્ટ જપ્ત કરી ફરિયાદમાંથી નામ કાઢવાના બદલામાં ₹૮૦ લાખની લાંચ માંગવામાં આવી હતી. આ કેસમાં ઝડપાયેલા વચેટિયા ચિત્રેશ સુતરીયાને અમદાવાદ સિટી સેશન્સ કોર્ટે શરતી જામીન આપ્યા છે. કોર્ટે અવલોકન કર્યું કે, ધરપકડ સમયે આરોપીને કારણ જણાવાયું નહોતું, જે સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન છે.

## કીર્તિ પટેલ સામે ૧૦મો ગુનો: પાસા હેઠળ જેલમાં છતાં ધમકી

કુખ્યાત સોશિયલ મીડિયા સ્ટાર કીર્તિ પટેલ સામે સુરત લસકાણા પોલીસ સ્ટેશનમાં ધમકી અને બદનામીની નવી ફરિયાદ નોંધાઈ છે. ગુજરાતમાં આ તેના વિરુદ્ધ નોંધાયેલો ૧૦મો ગુનો છે. હાલ પાસા હેઠળ જેલમાં બંધ કીર્તિ પટેલ પર ખંડણી અને મારપીટ જેવા અનેક ગંભીર આરોપો અગાઉથી છે. આ નવા કેસમાં વેપારી અલ્પેશ ડોંડાએ ફરિયાદ કરી છે. નવેમ્બર મહિનામાં એક ઇન્સ્ટાગ્રામ લાઇવ સેશનમાં કીર્તિ પટેલ વિરુદ્ધ બોલાઈ રહેલું ડોંડા માત્ર સાંભળી રહ્યા હતા. આ બાબતની જાણ થતાં કીર્તિ પટેલે ડોંડાને અભદ્ર ભાષામાં ધમકી આપી હતી અને તેમની પત્ની વિશે પણ અપશબ્દો બોલ્યા હતા. આટલું જ નહીં, તેણે ડોંડા દંપતીને બદનામ કરવા માટે સોશિયલ મીડિયા પર પોસ્ટ વાઇરલ કરી હતી.

## ગુજરાત હાઈકોર્ટને ફરી બોમ્બની ધમકી: BDDS ટીમ તપાસમાં | અમદાવાદ




ગુજરાત હાઈકોર્ટને ઈ-મેઈલ દ્વારા ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા હાઈકોર્ટ પરિસરમાં ભારે દોડધામ મચી છે. આ ગંભીર ધમકીને પગલે તાત્કાલિક બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS) અને ડોગ સ્ક્વોડ હાઈકોર્ટ ખાતે પહોંચી ગયા છે અને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે તપાસ શરૂ કરી છે. આ ઘટના ત્યારે બની છે જ્યારે અમદાવાદ એરપોર્ટ પર પણ ઇન્ડિગોની ફ્લાઇટને બોમ્બની ધમકી મળી હતી, જેના કારણે ફ્લાઇટનું ઇમરજન્સી લેન્ડિંગ કરાયું હતું.

હાઈકોર્ટને આવી ધમકી મળવાની આ બીજી ઘટના છે. આ પહેલા ૨૦ ઓગસ્ટના રોજ પણ અજાણી વ્યક્તિ દ્વારા ધમકીભર્યો ઈ-મેલ કરવામાં આવ્યો હતો. તે સમયે પણ પોલીસે ઝીણવટભરી તપાસ કરી હતી, પરંતુ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી. આ વખતે પણ ધમકીને લઈને કોઈ જોખમ ન લેતા સુરક્ષા એજન્સીઓએ સઘન ચેકિંગ શરૂ કર્યું છે. જોકે, ન્યાયિક પ્રક્રિયામાં કોઈ અવરોધ ન આવે તે માટે હાઈકોર્ટનું કામકાજ રાબેતા મુજબ ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે. પોલીસે ઈ-મેઈલના IP એડ્રેસ અને અન્ય ટેક્નિકલ પાસાઓની તપાસ શરૂ કરીને ધમકી આપનાર વ્યક્તિની ઓળખ અને ઉદ્દેશ જાણવા માટે સાયબર સેલની મદદ લઈ રહી છે.

## શાળા ગરમ કપડાં નિયમ: ડ્રેસકોડ નહીં, ગમે તે સ્વેટર પહેરો

રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં શિયાળાની શરૂઆત સાથે જ શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને નક્કી કરાયેલા ડ્રેસકોડ મુજબના જ સ્વેટર પહેરવા માટે મજબૂર કરવાની વાલીઓની ફરિયાદો વ્યાપક બની હતી. આ મામલે રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારીએ એક મહત્વનો પરિપત્ર જાહેર કરીને શાળાઓની મનમાની પર રોક લગાવી છે.

પરિપત્રમાં સ્પષ્ટ જણાવાયું છે કે, હાલની કડકડતી ઠંડીમાં વિદ્યાર્થીઓના આરોગ્યને ધ્યાનમાં રાખીને તેમને પોતાના ઘરેથી જે પણ ગરમ કપડાં (સ્વેટર, જેકેટ) અનુકૂળ લાગે તે પહેરીને આવવાની સંપૂર્ણ છૂટ રહેશે. કોઈપણ શાળા ચોક્કસ પ્રકારના ગરમ કપડાં પહેરવાની ફરજ પાડી શકશે નહીં, કારણ કે તે ગેરરીતિ સમાન છે.

આ આદેશની અમલવારી રાજકોટ શહેર અને જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓએ કરવાની રહેશે. શિક્ષણ વિભાગના આ પગલાંને વિદ્યાર્થીઓના હિતમાં લેવાયેલો યોગ્ય નિર્ણય ગણવામાં આવી રહ્યો છે. જોકે, આ નિયમનું પાલન ન કરનાર શાળાઓ સામે દંડનીય કાર્યવાહી કરવાની માંગ પણ વાલીઓ કરી રહ્યા છે.



### શાળાઓમાં ગરમ કપડાંનો ડ્રેસકોડ રદ: હવે વિદ્યાર્થીઓ ગમે તે સ્વેટર પહેરી શકશે, DEO નો પરિપત્ર

## ખોડલધામમાં સીએમ અને પાટીદાર મંત્રીઓનું ભવ્ય સન્માન



ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રવિવારે લેઉવા પટેલ સમાજના આસ્થાના કેન્દ્ર સમાન ખોડલધામની મુલાકાત લેશે. સવારે 9:30 વાગ્યે હેલિકોપ્ટર મારફતે પહોંચી તેઓ એક ભવ્ય સન્માન સમારોહમાં હાજરી આપશે. આ કાર્યક્રમમાં સીએમ ઉપરાંત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાનું સન્માન થશે. આ તકે રાજ્ય મંત્રીમંડળમાં સ્થાન પામેલા લેઉવા પાટીદાર મંત્રીઓ જીતુભાઈ વાઘાણી, કૌશિક વેકરીયા, પ્રફુલ પાનસેરીયા અને કમલેશ પટેલનું પણ વિશેષ બહુમાન કરવામાં આવશે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## જન્મ-મરણ દાખલામાં વિક્ષેપથી નાગરિકોને ભારે તકલીફ

મ્યુનિસિપલ કોર્પોરેશનના જન્મ-મરણ વિભાગના કર્મચારીઓ અને અરજદારો માટે નવી મુશ્કેલી ઊભી થઈ છે. રાજ્ય સરકારના પોર્ટલ પર રહેલો ૨૦૨૦ થી ૨૦૨૫ સુધીનો તમામ ડેટા એકાએક લોક થઈ ગયો છે. આ કારણે છેલ્લા બે દિવસથી રોજ સુધારા-વધારાના કામ માટે આવતા દોઢસો જેટલા અરજદારોને ધક્કા ખાવા પડી રહ્યા છે.
આ નવું પોર્ટલ ક્યારે ચાલુ થશે, તે અંગે ગાંધીનગરથી પણ કોઈ જવાબ આવતો ન હોવાથી અધિકારીઓ મુંઝવણમાં મુકાયા છે. નવા ભળેલા ગામોના લોકોને પણ તેમના જન્મ-મરણના દાખલાના કામો માટે ભારે હાલાકી પડી રહી છે.




## ભાવનગરમાં વ્યાજખોર મુક્ત અભિયાન તેજ ગતિએ

ભાવનગર શહેર અને જિલ્લામાં સામાન્ય જનતાને ડરાવી-ધમકાવી ઊંચું વ્યાજ વસૂલતા તત્વો પર પોલીસે સકંજો કસ્યો છે. ગુજરાત સરકારની રાજ્યવ્યાપી ડ્રાઈવ અંતર્ગત ભાવનગર રેન્જ આઈજીપી ગૌતમ પરમાર અને એસપી નિતેશ પાંડેય દ્વારા 'વ્યાજખોર મુક્ત ભાવનગર' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.
આ અભિયાનની અસરકારક કામગીરીના ભાગરૂપે છેલ્લા ત્રણ મહિનામાં જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં કુલ ૧૫ જેટલા ગુના નોંધવામાં આવ્યા છે. પઠાણી ઉઘરાણી કરતા ૩૧ વ્યાજખોરોની ધરપકડ કરી તેમને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયા છે. પોલીસે ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ અને ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કડક કલમો હેઠળ આ કાર્યવાહી કરી છે. પોલીસની આ સક્રિયતાથી ગેરકાયદે વ્યાજ વસૂલતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે જો કોઈ વ્યાજખોર પજવણી કરતું હોય તો ગભરાયા વિના સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જાણ કરવી, જેથી કાયદેસરની કાર્યવાહી થઈ શકે.





**ભાવનગર પોલીસે 'વ્યાજખોર મુક્ત અભિયાન' અંતર્ગત ૩ મહિનામાં ૩૧ વ્યાજખોરોને ઝડપી પાડ્યા. ૧૫ ગુના દાખલ. જાણો વિગત.**

## અમદાવાદે સંજય જોષીના આગમનથી રાજકારણ ગરમાયું

રાજકોટ: ગુજરાત ભાજપના પૂર્વ સંગઠન મહામંત્રી અને રાજ્યની રાજનીતિમાં એક સમયે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર સંજય જોષી લાંબા વિરામ બાદ ગુજરાત પહોંચતા જ રાજકીય ચર્ચાઓ તેજ બની છે. ભાજપમાં રાષ્ટ્રીય પ્રમુખ અંગેનો નિર્ણય લાંબા સમયથી અટક્યો છે અને ભૂતકાળમાં જોષીનું નામ શક્ય ઉમેદવાર તરીકે ચર્ચામાં આવ્યું હતું, જોકે આંતરિક વિરોધને કારણે તે આગળ વધી શક્યું નહોતું. અમદાવાદ પહોંચતા અનેક સમર્થકો હાર પહેરાવી તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરતા તેમની મુલાકાતના હેતુ અંગે નવી અટકળો શરૂ થઈ છે.



## ભાવનગરમાં ટ્રાફિક ભંગ સામે બે દિવસીય વિશેષ ડ્રાઈવ



ભાવનગર શહેરમાં ધ્વનિ પ્રદૂષણ અને ટ્રાફિક નિયમોના ઉલ્લંઘનને રોકવા તંત્ર સક્રિય બન્યું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં બે દિવસીય સંયુક્ત મેગા ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ટ્રાફિક વિભાગ અને અનેક પોલીસ સ્ટેશનોની ટીમોએ મળીને ચેકિંગ હાથ ધર્યું હતું.
આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય બ્લેક ફિલ્મ લગાવેલી કારો તેમજ મોડિફાઈડ સાયલેન્સર વાપરી ઊંચો અવાજ પેદા કરતી બાઈકરોને નિયંત્રણમાં લેવા હતો. શહેરના નિલમબાગ, ભરતનગર, ઘોઘા અને વરતેજ વિસ્તારોમાં મોટા પાયે વાહન ચકાસણીઓ થઈ હતી. ડ્રાઈવ દરમિયાન નંબર પ્લેટ વગરના કુલ 99 વાહનો સામે કાર્યવાહી કરવામાં આવી હતી, જ્યારે બ્લેક ફિલ્મ લગાવવાના અનેક કેસો નોંધાયા. ગેરકાયદેસર સાયલેન્સર ધરાવતા 66 વાહનોને સ્થળ પર જ અટકાવવામાં આવ્યા હતા. બે દિવસ અભિયાનમાં કુલ ₹1,44,400નો દંડ વસૂલાયો છે. આ કાર્યવાહી બાદ નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો છે.

## ચાણોદ અને શિનોરમાં જાહેરમાં નશો કરેલા બે શખ્સો ઝડપાયા: પ્રોહી. ગુનો

**વડોદરા ગ્રામ્ય વિસ્તારના ચાણોદ અને શિનોર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટના ભંગ બદલ બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.**
૧. ચાણોદ: નશાની હાલતમાં લથડિયાં ખાતો પકડાયો ચાણોદ પોલીસે હિતેષભાઈ ગોવિંદભાઈ બારીયા (ઉ.વ. ૩૫) નામના યુવકને જાહેરમાંથી ઝડપી પાડ્યો હતો. આરોપી વગર પાસ-પરમિટ વિના કેફી પીણાનો ભરચક નશો કરેલી હાલતમાં લથડિયાં ખાતો મળી આવ્યો હતો, જેના પગલે તેની વિરુદ્ધ પ્રોહી. કલમ ૬૬(૧) બી, ૮૫(૧) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.
૨. શિનોર: જાહેરમાં નશો કરીને ગુનો શિનોર પોલીસે પણ અરવિંદભાઈ રામાભાઈ વસાવાને જાહેરમાં કેફી પીણાનો નશો કરેલી હાલતમાં પકડી પાડ્યો હતો. જાહેરમાં નશો કરીને આરોપીએ દારૂબંધીના કાયદાનો ભંગ કર્યો હતો.
પોલીસે દારૂબંધીના કાયદાનું કડક અમલ કરવાના ભાગરૂપે આ બંને આરોપીઓ વિરુદ્ધ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે, જેથી જાહેરમાં દારૂ પીને ફરતા લોકોમાં દાખલો બેસાડી શકાય.




## ભારત ટેક્સી: કમિશન ફ્રી કેબ સેવા ગુજરાતમાં શરૂ

દિલ્હી અને ગુજરાતના રસ્તાઓ પર હવે 'ઓલા' અને 'ઉબેર' જેવી ખાનગી કંપનીઓને સ્પર્ધા આપવા માટે ડ્રાઇવર-માલિકીની નવી કેબ સેવા "ભારત ટેક્સી" નું સોફ્ટ-લોન્ચિંગ કરવામાં આવ્યું છે. 'સહકાર ટેક્સી સહકારી'ના નેજા હેઠળ શરૂ થયેલી આ સેવા ડ્રાઇવરોને આર્થિક રીતે સશક્ત બનાવવાનો ઉદ્દેશ ધરાવે છે.
આ પ્લેટફોર્મ પર કાર, ઓટો અને બાઇક સહિત ત્રણેય શ્રેણીઓના ૫૧,૦૦૦ થી વધુ ડ્રાઇવરોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. રાજકોટમાં ૨૬ નવેમ્બરે ઉચ્ચ અધિકારીઓ અને ૨૦૦થી વધુ ડ્રાઇવર ભાઈઓની હાજરીમાં આ કાર્યક્રમ યોજાયો હતો, જ્યાં ૧૦૦૦થી વધુ ડ્રાઇવરોએ નોંધણી કરાવી.
ડ્રાઇવરો માટે રજિસ્ટ્રેશન ચાલુ છે અને ૧૫ ડિસેમ્બર બાદ ગમે તે તારીખે પેસેન્જર એપ ચાલુ થઈ શકે છે. ભારત ટેક્સીની સૌથી મોટી ખાસિયત એ છે કે ડ્રાઇવરોએ તેમની કમાણી પર કોઈ કમિશન ચાર્જ નહીં ચૂકવવો પડે. માત્ર દૈનિક, સાપ્તાહિક કે માસિક સબ્સ્ક્રિપ્શન ફી ચૂકવીને ડ્રાઇવરો પોતાની સંપૂર્ણ કમાણીનો સીધો લાભ મેળવી શકશે. આ ડ્રાઇવરોને 'ડ્રાઇવર' નહીં પણ 'સારથી' કહેવાશે.

## સ્કોર્પિયોને ભૂંડ અથડાયું, ગૌમાંસની શંકા પર તપાસ

વડોદરા: વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં બે અસામાન્ય બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે.
૧. માંસ અંગે શંકા (લામડાપુરા): માંજલપુરના લામડાપુરા ખાતે આવેલી એશિયન સ્કાય ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીના રહેવાસીઓ હુસ્નુરઆલમ અને ફિરોઝ ચૌહાણ પાસેથી આશરે બેથી ત્રણ કિલોગ્રામ માંસનો જથ્થો મળી આવ્યો છે. આ માંસ ગૌમાંસ હોવાની શંકાના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે અને પૃથ્થકરણ માટે મોકલી આપ્યું છે. ૨. સરકારી વાહન ને નુકસાન (શિનોર): શિનોર ખાતે મહિન્દ્રા સ્કોર્પિયો (GJ-18-GA-2721) સરકારી વાહનના ચાલકે ફરિયાદ નોંધાવી છે કે, તા. ૦૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ રોડ પર અચાનક ભૂંડ (જાનવર) દોડી આવતાં તે વાહનના આગળના બમ્પર સાથે અથડાયું હતું. આ અકસ્માતમાં વાહનના બમ્પરને નુકસાન થયું છે.

## યુવક રહસ્યમય સંજોગોમાં લાપતા, કંટાળી ગયાનો ફોન

ડભોઈ: ડભોઈ તાલુકાના ચનવાડા કેનાલ પાસે આવેલ રેતી ચારવાના પ્લાન્ટ પરથી એક ૪૫ વર્ષીય યુવક રહસ્યમય સંજોગોમાં ગુમ થયો છે. લક્ષ્મણભાઈ વિઠ્ઠલભાઈ વણકર નામના આ યુવકે ૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૬:૦૦ થી ૬:૩૦ વાગ્યાના અરસામાં પોતાની પત્નીને ફોન કરીને કહ્યું હતું કે "હું કંટાળી ગયેલ છું, મને શોધતા નહીં." આટલું કહીને તેઓ ઘરે કોઈને જાણ કર્યા વગર નીકળી ગયા હતા. પરિવારે તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો છે અને પોલીસે તેમની શોધખોળ શરૂ કરી છે.

## વડોદરા: રોડ પર જોખમી પાર્કિંગ અને બેફામ ડ્રાઇવિંગના ૬ ગુના દાખલ

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા ૬ કેસ નોંધાયા છે. વડુ અને મંજુસર પોલીસ સ્ટેશનમાં કુલ ૪ છોટા હાથી/ઓમની વાન (જેમ કે GJ.16.CN.2405, GJ-૦૬-ટીયુ ૪૯૨૩)ના ચાલકોએ રોડ પર અડચણરૂપ રીતે વાહનો પાર્ક કર્યા હતા. ડભોઈમાં પણ એક છોટા હાથી રોડ પર ભયજનક સ્થિતિમાં ઊભો રાખવામાં આવ્યો હતો. આ ઉપરાંત, એક CNG રિક્ષા (GJ-06-AY-3057)ના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન ચલાવતા ગુનો દાખલ થયો છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## વડોદરામાં વિઝાના નામે ₹૨૮ લાખથી વધુની છેતરપિંડી; બે ગુના દાખલ

વડોદરામાં વિઝા કૌભાંડોના બે ગંભીર કિસ્સા નોંધાયા છે. પ્રથમ કેસમાં, સમીર મુની અને અજયકુમાર શર્માએ અઝરબેઝાન ટૂરના બહાને ગુગલ પે દ્વારા ₹૨,૪૩,૦૦૦/- લઈ ટિકિટ કેન્સલ કરાવી છેતરપિંડી કરી. બીજા કેસમાં, વિઝા કન્સલ્ટન્ટ વૈભવ પટેલએ યુ.કે.ના વર્ક વિઝા અપાવવાના નામે ખોટા ડોક્યુમેન્ટ આપી ફરિયાદી પાસેથી રોકડા ₹૨૬.૫૦ લાખ પડાવી લીધા. પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.




## વડોદરામાં જોબ સ્કેમ અને બે અકસ્માત મોત

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં સાયબર ફ્રોડ અને બે જીવલેણ માર્ગ અકસ્માતોની ઘટનાઓથી ચકચાર મચી ગઈ છે.

ઓનલાઈન પાર્ટ ટાઇમ જોબના નામે છેતરપિંડી: ડેસર વિસ્તારના સચીનકુમાર ભેદી સાથે અજાણ્યા ઠગે ડેમકો ગૃપ ડિજિટલ માર્કેટિંગ કંપનીના કર્મચારી તરીકે ઓળખ આપી. ફાઇવ સ્ટાર રેટીંગ ટાસ્કની પાર્ટ ટાઇમ જોબની લાલચ આપી શરૂઆતમાં વિશ્વાસ મેળવ્યો અને બાદમાં ₹૪૫,૦૦૦નું ડેબિટ ટ્રાન્ઝેક્શન કરાવી છેતરપિંડી આચરી. આ કેસમાં આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે.

ડભોઈ રોડ પર બે માર્ગ અકસ્માતમાં બેના મોત: ડભોઈ રોડ પર બે અલગ-અલગ ઘટનાઓમાં બે યુવકોના મોત નિપજ્યા છે. ફરતીકુઇ પાસે ઊભી ટ્રક સાથે રેતી ભરેલી ટ્રક ટકરાતા સંદિપભાઈ રૂપાલીયાનું ઘટનાસ્થળે મોત થયું, જ્યારે સાઠોદ રોડ પર રોંગ સાઇડમાં બેફામ વાહન ચલાવતા ચાલકે પ્લેટિના સ્કૂટરને ટક્કર મારતા સતીષ વસાવાનું પણ મોત નિપજ્યું હતું. પોલીસે બંને ટ્રક અને વાહન ચાલકો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




## પાલીતાણામાં વિદેશી દારૂ જથ્થો ઝડપાયો, ચકચાર મચી

પાલીતાણામાં પોલીસને મોટી સફળતા મળી છે. શહેરના દુધાળા વાડી વિસ્તારમાં ગુપ્ત બાતમીના આધારે દરોડો પાડીને વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. સ્થળ પરથી જુદી જુદી બ્રાન્ડની નાની-મોટી બોટલો મળી આવી હતી, જેની કુલ કિંમત એક લાખ રૂપિયાથી વધુ આંકવામાં આવી છે. પ્રોહીબિશન હોવા છતાં આટલી મોટી માત્રામાં દારૂનો જથ્થો મળી આવતા દારૂના સપ્લાય નેટવર્ક પર સવાલો ઉભા થયા છે.

આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સામેલ હોવાના આરોપસર જીગ્નેશ રૈયાણી નામના શખ્સ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવેલ દારૂ અને અન્ય મુદ્દામાલની વધુ વિગતો મેળવવામાં આવી રહી છે. જીગ્નેશ રૈયાણીની ધરપકડ કરીને આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને તેનું વિતરણ ક્યાં થવાનું હતું તે અંગેની સઘન પૂછપરછ શરૂ કરવામાં આવી છે.



## આંતરરાષ્ટ્રીય સાયબર કૌભાંડ: ભાવનગરની બેંકમાંથી 719 કરોડનું ફ્રોડ

ગુજરાત: ભાવનગરની ઈન્ડસઈન્ડ બેંક (IndusInd Bank) માંથી આંતરરાષ્ટ્રીય સાયબર રેકેટના મૂળિયાં બહાર આવતાં ખળભળાટ મચી ગયો છે. સુરક્ષા એજન્સીઓએ એક મોટા સાયબર ફ્રોડ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે, જેમાં બેંક મારફતે ₹૭૧૯ કરોડનું જંગી કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. આ રેકેટ વૈશ્વિક સ્તરે સક્રિય હતું અને તેના તાર ભાવનગરની આ બેંક શાખા સાથે જોડાયેલા હોવાથી તપાસનું કેન્દ્રબિંદુ ભાવનગર બન્યું છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આંતરરાષ્ટ્રીય નાણાંકીય વ્યવહારોમાં સિસ્ટમને બાયપાસ કરીને આટલી મોટી રકમનું ફ્રોડ કરવામાં આવ્યું છે. કૌભાંડમાં બેંકના કેટલાક કર્મચારીઓની શંકાસ્પદ ભૂમિકા પણ તપાસ હેઠળ છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, રેકેટ ઓપરેટરોએ બેંકિંગ સિસ્ટમની નબળાઈઓનો લાભ લઈને અને ફિશિંગ/માલવેર જેવા આંતરરાષ્ટ્રીય સાયબર હુમલાની પદ્ધતિઓનો ઉપયોગ કરીને ગ્રાહકોના નાણાં ડાયવર્ટ કર્યા હતા.

આ ઘટનાએ માત્ર ભાવનગર જ નહીં, પરંતુ સમગ્ર દેશની નાણાંકીય સંસ્થાઓને સાયબર સુરક્ષા અંગે ગંભીર પગલાં લેવા માટે ચેતવણી આપી છે. કૌભાંડના મૂળિયાં સુધી પહોંચવા અને સંડોવાયેલા તમામ આરોપીઓને ઝડપી પાડવા માટે સુરક્ષા એજન્સીઓએ યુદ્ધના ધોરણે તપાસ શરૂ કરી છે. વિદેશી એજન્સીઓ સાથે પણ સંપર્ક સાધવામાં આવી રહ્યો છે જેથી આ આંતરરાષ્ટ્રીય નેટવર્કને તોડી શકાય. આ ભંડોળને જપ્ત કરવાની અને ગ્રાહકોને ન્યાય અપાવવાની પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી છે.




## તરસાલીમાં ડી.આઇ. પાઇપોની મોટી ચોરી કાંડ

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં સમૃદ્ધિ સોસાયટી પાસે ખુલ્લી જાહેર જગ્યામાંથી મૂલ્યવાન ડી.આઇ. પાઇપોની ચોરીનો કિસ્સો સામે આવ્યો છે. ક્રેનની મદદથી ૩૫૦ MM સાઇઝના કુલ ૨૭ પાઇપો આઇસર ટેમ્પામાં ભરી લઈ જવામાં આવ્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે. ચોરાયેલ પાઇપોની અંદાજિત કિંમત રૂપિયા ૫,૮૭,૬૬૪ જેટલી હોવાનું કહેવાય છે. ઘટનાને લઈને સ્થાનિક સ્તરે ચર્ચા જોર પકડી રહી છે અને આસપાસના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થાઓ અંગે ફરી પ્રશ્નો ઊભા થયા છે. તપાસ સંબંધિત વિભાગ દ્વારા આગળ વધારાઈ રહી છે.

## જીવલેણ અકસ્માત: ઈકો સ્પોર્ટે સ્કૂટરને ટક્કર મારી

નવાપુરા વિસ્તારમાં ગંભીર માર્ગ અકસ્માતનો બનાવ નોંધાયો છે. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ, જિલ્લા પંચાયતની સામે લાલ રંગની ફોર્ડ ઈકો સ્પોર્ટ (રજિ. નં. GJ-06-LS-XXXX)ના બેફામ ચાલકે એક હોન્ડા એક્ટિવા (રજિ. નં. GJ-06-NL-2996) સ્કૂટરને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે સ્કૂટર પર સવાર ફરિયાદીને ગંભીર ઈજાઓ પહોંચી છે.

પુરપાટ ઝડપે વાહન ચલાવી અકસ્માત સર્જનાર ઈકો સ્પોર્ટના ચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ મામલે આગળની તપાસ ચાલુ છે.

## વડોદરા: દારૂબંધીના ૨૮ કેસમાં ૨૫ શખ્સોની ધરપકડ

વડોદરા શહેર પોલીસ દ્વારા દારૂબંધીના કડક અમલ માટે વિશેષ ડ્રાઈવ યોજવામાં આવી હતી. ગઈકાલે શહેરના વિવિધ વિસ્તારોમાં દરોડા પાડી પોલીસે પ્રોહિબીશનના કુલ 28 કેસ નોંધ્યા છે.

આ કાર્યવાહી દરમિયાન દેશી અને વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરો અને પીધેલાઓ પોલીસની ઝપટે ચડી ગયા હતા. પોલીસે 31 લીટર દેશી દારૂ અને વિદેશી દારૂની બોટલો કબજે કરી છે. દારૂની લિજ્જત માણતા 18 શખ્સો સહિત કુલ 25 ઈસમોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સોશિયલ મીડિયા મિત્રએ ૧.૨૩ કરોડની છેતરપિંડી કરી

વડોદરા શહેરમાં સાયબર ફ્રોડનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં જેતલપુર રોડ પર રહેતી ૫૦ વર્ષીય અનુપમાબેન અમીન સોશિયલ મીડિયા પર મિત્રતા કરનાર એક અજાણ્યા ઠગનો શિકાર બન્યા છે. સેમ્યુઅલ જોસેફ નામના આ શખ્સે ચેટિંગ દ્વારા મહિલાનો વિશ્વાસ જીત્યો અને ત્યારબાદ તેમને બીટકોઈન ઇન્વેસ્ટમેન્ટ કરવા માટે લલચાવ્યા.

ઠગની વાતોમાં આવીને મહિલાએ રોકડ તેમજ આર.ટી.જી.એસ./યુ.પી.આઇ. દ્વારા કુલ રૂપિયા ૧,૨૬,૨૬,૪૪૫ તેના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. છેતરપિંડી આચરનાર સેમ્યુઅલે શરૂઆતમાં નજીવો નફો (રૂ. ૩,૨૪,૯૮૮) પરત મોકલી વિશ્વાસ જાળવ્યો હતો, પરંતુ બાકી નીકળતા કુલ રૂ. ૧,૨૩,૦૧,૪૬૭ કોઇપણ જગ્યાએ રોક્યા નહોતા અને આ સંપૂર્ણ રકમ પોતાના અંગત કામમાં વાપરી નાખી હતી.

પોતાની સાથે થયેલી આ ગંભીર છેતરપિંડી અંગે મહિલાએ પાદરા પોલીસ મથકમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. આટલી મોટી રકમની છેતરપિંડીને પગલે પોલીસે આ આર્થિક સાયબર ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અજાણ્યા ઠગ સેમ્યુઅલ જોસેફ સામે ગુનો નોંધીને ટેકનિકલ તપાસ દ્વારા આરોપીને પકડવા માટે કાર્યવાહી હાથ ધરી છે.





**વડોદરાની ૫૦ વર્ષીય મહિલા સાથે સોશિયલ મીડિયા પર મિત્રતા કેળવીને બીટકોઈન ઇન્વેસ્ટમેન્ટના નામે સાયબર ઠગે ૧.૨૩ કરોડની છેતરપિંડી આચરી. ફરિયાદ નોંધાઈ.**

## વડોદરામાં માનસિક ત્રાસથી યુવકની આત્મહત્યા કેસ નોંધાયો

વડોદરા: શહેરમાં પારિવારિક વિવાદ અને માનસિક ત્રાસના કારણે એક યુવકે આત્મહત્યા કરી હોવાનો બનાવ સામે આવ્યો છે. મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના (ગુ.ર.નં. ૧૧૧૯૬૦૧૬૨૫૦૭૫૫/૨૫)ની વિગત મુજબ, મૃતક સઇદ દાઉદભાઇ બેલીમ (ઉ.વ.૨૪)ના લગ્ન આરોપી મુસ્કાન સાથે થયા હતા.

ફરિયાદ અનુસાર, લગ્ન બાદથી જ મુસ્કાન દ્વારા નાની-મોટી વાતોમાં ઝઘડો કરી સઇદને સતત ત્રાસ આપવામાં આવતો હતો. આ ઉપરાંત, મુસ્કાનના અન્ય કોઈ પુરુષ સાથેના સંબંધોની જાણ થતાં તેણે સઇદને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી અસહ્ય માનસિક દબાણ ઊભું કર્યું હતું. આ ત્રાસના કારણે વ્યથિત થઈને સઇદે તા.૧૯/૦૯/૨૦૨૫ના રોજ ગળાફાંસો ખાઈને જીવનનો અંત આણ્યો હતો. પોલીસે આ મામલે કલમ-૧૦૮ (ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩) હેઠળ દુષ્પ્રેરણનો કેસ નોંધીને તપાસ હાથ ધરી છે.



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## વડોદરા દુષ્કર્મ: સગીરાને ગર્ભવતી બનાવી, પોક્સો હેઠળ ગુનો

વડોદરા શહેરના સમા વિસ્તારમાં સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. ૩૦ વર્ષીય જીતેન્દ્રસિંહ અર્જુનસિંહ ઝાલાએ ૧૫ વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવીને છેલ્લા એક વર્ષથી વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. દીકરી માસિક ધર્મમાં ન આવતાં માતાને શંકા ગઈ અને મેડિકલ તપાસમાં તે છ મહિનાની ગર્ભવતી હોવાનું માલૂમ પડ્યું. સગીરાની માતાની ફરિયાદ પરથી સમા પોલીસે આરોપી સામે પોક્સો અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેને પકડવા માટે ટીમો બનાવી છે.



## યોગીરાજ રંગઅવધૂત ફિલ્મનું પોસ્ટર લોન્ચ | દત્ત જયંતિ ૨૦૨૫

પવિત્ર દત્ત જયંતિના ઉત્સવ દરમિયાન, નારેશ્વરના પરમ પૂજ્ય સંત યોગીરાજ શ્રી રંગ અવધૂત મહારાજના દિવ્ય જીવન કવન પર આધારિત બહુભાષી ફિલ્મ **"યોગીરાજ રંગઅવધૂત"**ના ઓફિશિયલ પોસ્ટર લોન્ચની ઐતિહાસિક ક્ષણના લાખો ભક્તજનો સાક્ષી બન્યા.

સમગ્ર 'સમસ્ત રંગ અવધૂત પરિવાર' દ્વારા આ ફિલ્મને ગુરુ મહારાજની કૃપા દ્રષ્ટિથી આ યુગની જરૂરિયાત મુજબના 'ડિજિટલ ગ્રંથ' તરીકે ગણવામાં આવી રહી છે. આ ધાર્મિક ફિલ્મ દ્વારા ગુરુદેવના સંદેશને ડિજિટલ માધ્યમથી વિશાળ જનસમૂહ સુધી પહોંચાડવાનો ઉદ્દેશ છે.

પોસ્ટર વિમોચન માટે એક વિશેષ માર્ગદર્શક રીત અપનાવવામાં આવી હતી: તા. ૪-૧૨-૨૦૨૫ના દત્ત જયંતિના દિવસે, જ્યાં જ્યાં પાદુકા પૂજન, દત્ત યાગ કે પર દત્ત બાવની જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા, ત્યાં એક "દત્ત બાવની" પૂર્ણ થયા બાદ, પોસ્ટર પર ઓઢાડેલ પવિત્ર વસ્ત્રને દૂર કરીને સામૂહિક રીતે પોસ્ટરનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ દિવ્ય પળના દર્શન કરીને ભક્તજનો ભાવવિભોર બન્યા હતા




## ભાવનગરમાં બંધ મકાનમાંથી ₹૩.૨૭ લાખનો દારૂ ઝડપાયો


ભાવનગરની નીલમબાગ પોલીસે બાતમીના આધારે કાળાનાળા, કાળુભા રોડ પર આવેલા એક બંધ મકાનમાં દરોડો પાડી મોટી સફળતા મેળવી છે. પોલીસે મકાનનો દરવાજો તોડી અંદર છુપાવેલો ભારતીય બનાવટના વિદેશી દારૂનો જંગી જથ્થો કબ્જે કર્યો છે. ૭૫૦ મિલી અને ૧૮૦ મિલી (ક્વાર્ટર) ની મળીને કુલ ૮૦૦થી વધુ બોટલો મળી આવી, જેની કિંમત રૂ. ૩,૨૭,૬૦૦ આંકવામાં આવી છે. જોકે, આ દારૂનું વેચાણ કરનાર મુખ્ય આરોપી રાજુ સોલંકી પોલીસના દરોડા દરમિયાન ફરાર થઈ ગયો હતો. પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને ફરાર આરોપીની શોધખોળ શરૂ કરી છે.



## આંકલાવ નગરપાલિકાના રોડ રી-કાર્પેટિંગમાં ભ્રષ્ટાચાર

આણંદના આંકલાવ નગરપાલિકા દ્વારા કરાયેલા રોડ રી-કાર્પેટિંગ કામમાં ગંભીર ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો છે. વાંટા વિસ્તારના મદ્રાસા અને નાના વાંટામાં બનેલા નવા રોડના પોપડા હાથથી સહેલાઈથી ઉખડી રહ્યા હોવાના ફોટા અને વીડિયો વાયરલ થતાં કામની ગુણવત્તા સામે સવાલો ઊભા થયા છે.

સ્થાનિકોના મતે, કોન્ટ્રાક્ટર દ્વારા રોડના કામમાં નિર્ધારિત નિયમોનો ભંગ કરી હલકી ગુણવત્તાવાળી કપચીની ચાદર પર માત્ર ડામર પાથરી દેવાયો છે. સ્થાનિકોએ આ મામલે હોબાળો મચાવી પાલિકા દ્વારા મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનો સીધો આક્ષેપ કર્યો છે. નગરપાલિકાના કાઉન્સિલર સંજય રાજે પણ સ્થળ તપાસ કરી કોન્ટ્રાક્ટર દ્વારા યોગ્ય કાળજી વગરનું કામ થયું હોવાનું સ્વીકાર્યું હતું. જાહેર નાણાંના દુરુપયોગના આ ગંભીર મામલે સ્થાનિકોએ રાજ્ય સરકાર સમક્ષ તાત્કાલિક ઉચ્ચ સ્તરીય તપાસ અને જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહીની માગ કરી છે.



## સ્વચ્છતાના અભાવે વિદ્યાનગરની પ્રખ્યાત 'મોકા' રેસ્ટોરન્ટ સીલ

કરમસદ-આણંદ મનપાના આરોગ્ય વિભાગે વિદ્યાનગરની જાણીતી 'મોકા' રેસ્ટોરન્ટ પર તવાઈ બોલાવી છે. ચેકિંગ દરમિયાન અહીંથી અખાદ્ય ખોરાક અને ગંદકીનું સામ્રાજ્ય મળી આવતા તંત્રએ કડક પગલાં લીધા છે. જાહેર આરોગ્યના હિતમાં જીપીએમસી એક્ટ હેઠળ રેસ્ટોરન્ટને તાત્કાલિક સીલ કરી દેવાતા ખાણીપીણીના અન્ય સંચાલકોમાં ફફડાટ ફેલાયો છે.




## વડોદરા: જૂની અદાવતમાં વૃદ્ધને જાનથી મારવાની ધમકી

વડોદરાના વાસણા ભાયલી રોડ પર રહેતા 61 વર્ષીય રોહિતકુમાર પટેલને MS યુનિવર્સિટીના આંબેડકર હોલ ખાતે ધમકી મળી હોવાની ઘટના બની છે. સત્કાર સમારંભમાં પાર્કિંગ દરમિયાન આરોપી ધુળાભાઈ પરમારે તેમની સાથે ઝપાઝપી કરી હતી. આરોપીએ અગાઉની પોલીસ ફરિયાદ પાછી ખેંચવા દબાણ કરી, બાઈકમાંથી લાકડાનો ડંડો કાઢી "ટાંટિયા તોડી નાખવાની" ધમકી આપી હતી. જાહેરમાં હથિયાર સાથે ધમાલ કરવા બદલ સયાજીગંજ પોલીસે આરોપી સામે ગુનો નોંધ્યો છે.

## સગીરાના અપહરણ કેસમાં છ મહિનાથી ફરાર આરોપી ઝડપાયો

આણંદ જિલ્લાના આંકલાવમાં પોલીસે અપહરણના ગુનામાં છેલ્લા છ મહિનાથી ફરાર આરોપી કલ્પેશભાઈ લાભજીભાઈ ઠાકોર (રહે. બોરસદ સીમ, નાવડ)ની ધરપકડ કરી છે. આ આરોપીએ એક કિશોરીનું અપહરણ કર્યું હતું અને ત્યારથી તે નાસતો ફરતો હતો. આંકલાવ પોલીસ ઈન્સપેક્ટર પી. જે. બાંટવાની ટીમે ગુપ્ત બાતમીના આધારે ભાદરણીયા સંગદેવ સીમ વિસ્તારમાંથી આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.



## ઉમરેઠ: ખાખણપુરામાં જાહેર માર્ગો પરના દબાણો દૂર

આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના ખાખણપુરા ગામે જાહેર માર્ગો પરના ગેરકાયદેસર દબાણો હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વાહનવ્યવહારમાં અવરોધ ઊભો થતો હોવાની ફરિયાદોને પગલે ગ્રામ પંચાયત દ્વારા તલાટી, સરપંચ અને સભ્યોની હાજરીમાં આ પગલું લેવાયું. જેસીબી મશીનની મદદથી પાંચ મહુડી તરફ જતા રસ્તા અને ગ્રામ પંચાયત સામેના કુલ છ કાચા-પાકા દબાણો દૂર કરવામાં આવ્યા હતા. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ઉમરેઠ પોલીસનો પૂરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, જેનાથી રસ્તો સફળતાપૂર્વક ખુલ્લો કરવામાં આવ્યો છે.



## ગોરવા: વરઘોડામાં ફટાકડાથી આગ લાગી, 10 લાખ સ્વાહા

વડોદરા: લગ્ન પ્રસંગે થોડી બેદરકારી કેવું મોટું નુકસાન નોતરી શકે છે તેનો કિસ્સો ગોરવામાં સામે આવ્યો છે. અહીં મધુનગર બ્રિજ પાસે વરઘોડામાં ફોડવામાં આવેલા ફટાકડાને કારણે ભયાનક આગ લાગી હતી, જેમાં ગરીબ પરિવારની રોજગારી છીનવાઈ ગઈ છે. બનાવની વિગત મુજબ, ફરિયાદી રિઝવાન રાણાની તાજ ગાર્ડન હોટલ પાસે વાંસની ઝૂંપડીઓ આવેલી છે. ગત 18મી નવેમ્બરે રાત્રે અહીંથી વસીમ પઠાણના ઘરે જાન આવી હતી. જાનૈયાઓ ફટાકડા ફોડી રહ્યા હતા ત્યારે સ્થાનિકોએ ના પાડી હોવા છતાં તેઓ માન્યા નહોતા. આખરે ફટાકડાનો તણખલો ઝૂંપડી પર પડતા આગ ભભૂકી ઉઠી હતી.જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ઝૂંપડીઓ અને તેમાં રહેલો રસોઈનો કિંમતી સામાન બળીને ખાખ થઈ ગયો હતો. અંદાજે 10 લાખના નુકસાન બદલ ગોરવા પોલીસે ત્રણ શખ્સો સામે બેદરકારીનો ગુનો દાખલ કર્યો છે.



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ભાવનગર: હીરાઘસુના ઘરેથી 56 હજારનો દારૂ ઝડપાયો

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે શહેરમાં દારૂની બદી સામે લાલ આંખ કરી છે. ઘોઘા રોડ પર આવેલ તરસમીયાના ખારસી વિસ્તારમાં LCBએ બાતમીના આધારે રેડ કરી હતી. જેમાં પોતાના ઘરમાં જ દારૂનું વેચાણ કરતા કરશન મકવાણા નામના હીરાઘસુને ઝડપી લેવાયો છે. પોલીસે તેના મકાનમાંથી દાદરા નગર હવેલી બનાવટની જુદી-જુદી બ્રાન્ડની 187 બોટલ (કિંમત રૂ. 56,075) કબજે કરી છે. આ મામલે ભરતનગર પોલીસ મથકે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.



## વડોદરા વકીલ મંડળની ચૂંટણી: ઉમેદવારી ફોર્મ ભરવાનો પ્રારંભ

વડોદરા વકીલ મંડળના વર્ષ 2025-26 માટેની ચૂંટણી પ્રક્રિયા સત્તાવાર રીતે શરૂ થઈ ગઈ છે. મંડળની વાર્ષિક ચૂંટણી માટે ઉમેદવારો દ્વારા ફોર્મ ભરવાની પ્રક્રિયા આજે પ્રારંભ થઈ છે, જેમાં સભ્યો ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યા છે. આગામી કાર્યકાળ માટે નવા પ્રતિનિધિત્વની પસંદગીની તૈયારી હેઠળ મંડળમાં ચર્ચા અને ગતિ વધવા લાગી છે. નિર્ધારિત સમયગાળા દરમિયાન ઉમેદવારો પોતાના નામાંકન ફોર્મ દાખલ કરશે, ત્યારબાદ સ્ક્યુટીની અને અંતિમ યાદી જાહેર થશે. વકીલોની વચ્ચે ચૂંટણી અંગે વિશેષ ચર્ચા અને હલચલ જોવા મળી રહી છે.




## ભાવનગર: મંત્રી રમણભાઈએ ગ્રેઈન ATMની મુલાકાત લીધી

ભાવનગર: ટેકનોલોજીના માધ્યમથી જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાના પ્રયાસરૂપે શરૂ કરાયેલા પ્રોજેક્ટની સમીક્ષા કરવા કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી ભાવનગર પહોંચ્યા હતા. અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીએ શહેરના કરચલીયા પરા વિસ્તારમાં કાર્યરત ગુજરાતના પ્રથમ 'અન્નપૂર્તિ' મશીન (ગ્રેઈન ATM)ની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન જિલ્લા કલેકટર ડૉ. મનીષ કુમાર બંસલ અને મેયર ભરતભાઈ બારડ પણ સાથે રહ્યા હતા. મંત્રીએ ATM કેવી રીતે કામ કરે છે અને દર મહિને કેટલા રેશનકાર્ડ ધારકો તેનો લાભ લે છે, તેની ઝીણવટભરી માહિતી મેળવી હતી.

આ ગ્રેઈન ATMની વિશેષતા એ છે કે તે 24 કલાક અને સાતેય દિવસ (24×7) કાર્યરત રહે છે. જેના કારણે શ્રમિકો અને નોકરિયાત વર્ગ પોતાની અનુકૂળતા મુજબ અનાજ મેળવી શકે છે. આ પદ્ધતિથી સસ્તા અનાજની દુકાનો પર લાગતી લાંબી લાઈનોમાં ઘટાડો થયો છે અને વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા આવી છે.



**ભાવનગરમાં મંત્રી રમણભાઈ સોલંકીએ ગુજરાતના પ્રથમ ગ્રેઈન ATMની મુલાકાત લીધી. 24x7 અનાજ વિતરણ વ્યવસ્થા અને પારદર્શિતાની સમીક્ષા કરી.**

## ગઢડા: ઉગામેડી કેવ શાળા ખાતે કલા મહોત્સવ સંપન્ન

ગઢડા તાલુકાનું ઉગામેડી ગામ તાજેતરમાં બાળ કલાકારોની પ્રતિભાથી ગુંજી ઉઠ્યું હતું. ઉગામેડી કેવ શાળા ખાતે ક્લસ્ટર કક્ષાના 'કલા મહોત્સવ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શિક્ષણ સાથે ઈતર પ્રવૃત્તિઓનો અનોખો સંગમ જોવા મળ્યો હતો.

ક્લસ્ટર હેઠળ આવતી તમામ શાળાઓના વિદ્યાર્થીઓએ આ મહોત્સવમાં ભાગ લીધો હતો. સ્પર્ધાઓના પરિણામો જોઈએ તો, ચિત્ર સ્પર્ધામાં શિયાનગર પ્રાથમિક શાળાની જસ્મિતા મકવાણાએ પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું. કાવ્ય સ્પર્ધામાં ભૂમિ પાડલિયાની રચના શ્રેષ્ઠ સાબિત થઈ હતી. સંગીત વિભાગમાં ગાયન સ્પર્ધામાં ઉર્મિલા સાથળીયા અને વાદન સ્પર્ધામાં વિરાટ રાઘવાણીએ પોતાની કળાથી નિર્ણાયકોને મંત્રમુગ્ધ કરી પ્રથમ નંબર મેળવ્યો હતો. આયોજકો દ્વારા સ્પર્ધામાં ભાગ લેનાર પ્રત્યેક વિદ્યાર્થીને પ્રોત્સાહક ઇનામો આપી બિરદાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના સુચારુ સંચાલન અને સફળતા પાછળ ઉગામેડી ક્લસ્ટર કો-ઓર્ડીનેટર હરેશભાઈ અખિયાણી અને ઉગામેડી કેવ શાળાના આચાર્ય રેખાબેન પટેલ તથા સ્ટાફ મિત્રોનો સિંહફાળો રહ્યો હતો. શિક્ષણ જગતમાં આવા કાર્યક્રમો બાળકોના સર્વાંગી વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

**રિપોર્ટર. મનસુખ વાળા ગઢડ**



## વડોદરા: પત્નીના આડાસંબંધ અને ત્રાસથી કંટાળી યુવકનો આપઘાત

વડોદરાના તરસાલી વિસ્તારમાં પત્નીના માનસિક ત્રાસથી કંટાળીને 24 વર્ષીય યુવકે જીવન ટૂંકાવ્યાની ઘટના સામે આવી છે. મૃતક સઈદ બેલીમે અંતિમ પગલું ભરતા પહેલા પિતાને વોટ્સએપ મેસેજ કરી પત્ની મુસ્કાન અને સાસરિયાંના ત્રાસની જાણ કરી હતી. આક્ષેપ છે કે પત્નીને અન્ય સાથે મિત્રતા હોવાથી ટોકતા, તેણે પતિને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. આખરે સતત દબાણ અને કનડગતથી કંટાળીને સઈદે ગળાફાંસો ખાઈ લીધો હતો. મકરપુરા પોલીસે આ મામલે પત્ની સામે દુષ્પ્રેરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## તરસાલીમાં વૈવાહિક કલહ વચ્ચે યુવાનની આત્મહત્યાનો કેસ નોંધાયો

વડોદરા શહેરના મકરપુરા રોડ વિસ્તારમાં થયેલા અકસ્માતનો કેસ નવાપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. ફરિયાદી સંદીપ કુબેરભાઈ ચાંપાનેરી (45) પોતાની હોંડા એક્ટિવા પર જઈ રહ્યા હતા ત્યારે 30 ઓક્ટોબર 2025ના રોજ સાંજે 5:45 વાગ્યે જીલ્લા પંચાયત ઓફિસની સામે અજાણ્યા ચાલકે લાલ રંગની ફોર્ડ ઇકો સ્પોર્ટ કારથી તેમને પાછળથી ટક્કર મારી હતી.આ અકસ્માતમાં ફરિયાદીને કોલરબોન ફ્રેક્ચર, હાથની આંગળી તથા બંને ઘૂંટણમાં ઇજાઓ પહોંચી હતી. ઘટનાસંબંધી FIR 03 ડિસેમ્બર 2025ના રોજ નોંધાઈ છે. કેસની વધુ તપાસ ચાલુ છે.

## વડોદરા શહેરમાં એક દિવસમાં ૨૮ દારૂના કેસ નોંધાયા

વડોદરા શહેરમાં 03 ડિસેમ્બર 2025ના રોજ પ્રોહીબિશન સંબંધિત કુલ 28 કેસ નોંધાયા છે. શહેરના વિવિધ વિસ્તારોમાંથી દારૂની હેરાફેરી અને વપરાશ સંબંધિત મુદ્દામાલ કબ્જે લેવાયો છે. આ દરમ્યાન 31 લીટર દેશી દારૂ, જેની કિંમત અંદાજે ₹6,200 થાય છે, તેમજ ઇંગ્લિશ દારૂની બે બોટલ, કિંમત ₹1,000 જેટલી, ઝડપી લેવાઈ છે. વિવિધ સ્થળોથી કુલ 25 લોકો પકડાયા છે, જેમાં 18 લોકો દારૂના નશામાં હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટનાને પગલે તંત્ર દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## હલધરવાસ સ્કૂલ: 'ટેન્શન હતું' કહી શિક્ષકે વિદ્યાર્થીઓને માર્યા

મહેમદાવાદના હલધરવાસ પે સેન્ટર શાળામાં શિક્ષણ જગતને શર્મસાર કરતી ઘટના બની છે. શાળાના શિક્ષક ગુલાબસિંહે ધોરણ 7માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વગર વાંકે ઢોર માર મારતા શિક્ષણ આલમમાં ખળભળાટ મચી ગયો છે.

બનાવની જાણ થતાં જ વાલીઓ શાળાએ એકઠા થયા હતા અને હોબાળો મચાવ્યો હતો. વાલીઓએ રોષ વ્યક્ત કરતા કહ્યું હતું કે, બાળકો અહીં ભણવા આવે છે, માર ખાવા કે શાળાની સાફસફાઈ કરવા નહીં. તેમણે શિક્ષકની તાત્કાલિક બદલી અને કડક કાર્યવાહીની માગ કરી હતી. જોકે, આ ઘટનામાં શિક્ષકે પોતાના બચાવમાં વિચિત્ર દલીલ કરી હતી. તેમણે કહ્યું કે, "ભાઈનું ટેન્શન હતું એટલે ભૂલથી વિદ્યાર્થીઓને મરાઈ ગયું, હવે આવું નહીં થાય."

શિક્ષકના આ વર્તન સામે આચાર્યએ લાચારી વ્યક્ત કરતા સ્ટાફની ઘટ હોવાનું જણાવ્યું હતું. જોકે, તાલુકા શિક્ષણાધિકારી અજીતસિંહ ડાભીએ ઘટનાની ગંભીર નોંધ લીધી છે. તેમણે વાલીઓના નિવેદન નોંધીને સમગ્ર રિપોર્ટ જિલ્લા કક્ષાએ મોકલવાની કાર્યવાહી શરૂ કરી છે. જ્યાં સુધી કડક પગલાં નહીં લેવાય ત્યાં સુધી વાલીઓએ ઉચ્ચ સ્તરે રજૂઆત કરવાની તૈયારી દર્શાવી છે.




**મહેમદાવાદ: હલધરવાસ શાળામાં શિક્ષકનો આતંક, અંગત ટેન્શનમાં માસૂમ વિદ્યાર્થીઓને ફટકાર્યા**

## વડોદરામાં ફોર્ડ ઇકો સ્પોર્ટની ટક્કરે બાઈક સવારને ઇજા

વડોદરા શહેરના મકરપુરા રોડ વિસ્તારમાં થયેલા અકસ્માતનો કેસ નવાપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. ફરિયાદી સંદીપ કુબેરભાઈ ચાંપાનેરી (45) પોતાની હોંડા એક્ટિવા પર જઈ રહ્યા હતા ત્યારે 30 ઓક્ટોબર 2025ના રોજ સાંજે 5:45 વાગ્યે જીલ્લા પંચાયત ઓફિસની સામે અજાણ્યા ચાલકે લાલ રંગની ફોર્ડ ઇકો સ્પોર્ટ કારથી તેમને પાછળથી ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ફરિયાદીને કોલરબોન ફ્રેક્ચર, હાથની આંગળી તથા બંને ઘૂંટણમાં ઇજાઓ પહોંચી હતી. ઘટનાસંબંધી FIR 03 ડિસેમ્બર 2025ના રોજ નોંધાઈ છે. કેસની વધુ તપાસ ચાલુ છે.

## વડોદરા: તરસાલીમાં ક્રેન વડે લાખોની પાઈપોની ચોરી

વડોદરાના તરસાલી વિસ્તારમાં તસ્કરોએ જાણે કોઈ ફિલ્મી દ્રશ્ય ભજવતા હોય તેમ ધોળા દિવસે મોટી ચોરીને અંજામ આપ્યો છે. સમૃદ્ધિ સોસાયટી પાસે આકાર કન્સ્ટ્રક્શનના કામ માટે રાખેલી પાણીની લાઈનની 27 તોતિંગ ડી.આઈ. પાઈપો ગાયબ થઈ જતા ચકચાર મચી છે.

આશ્ચર્યની વાત એ છે કે તસ્કરો રાતના અંધારામાં નહીં, પણ બપોરના સમયે ક્રેન અને આઈસર ટેમ્પો લઈને આવ્યા હતા અને રૂ. 5.87 લાખનો મુદ્દામાલ બિન્દાસ્ત ઉઠાવી ગયા હતા. કોન્ટ્રાક્ટર સુરેશભાઈ પટેલની ફરિયાદ મુજબ, એક અજાણ્યા શખ્સે મોબાઈલ પર વાત પણ કરી હતી. મકરપુરા પોલીસે મોબાઈલ નંબરના લોકેશન અને સીસીટીવીના આધારે આ 'હાઈટેક' ચોરીનો ભેદ ઉકેલવા ચક્રો ગતિમાન કર્યા છે. ધોળા દિવસે થયેલી આ ચોરીએ સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઉભા કર્યા છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ભાયાવદર: વાણંદ સમાજની 25 દીકરીઓના શાહી સમૂહલગ્ન યોજાશે

અમરેલી જિલ્લાના ભાયાવદર ગામે શ્રી મકનબાપા સેવાધામ ખાતે મંદિરના રજત જયંતી મહોત્સવ નિમિત્તે ઐતિહાસિક શાહી સમૂહલગ્નનું આયોજન કરાયું છે. આગામી 17 મે 2026ના રોજ રાવરાણી-ચાવડા પરિવાર દ્વારા વાણંદ સમાજની માતા-પિતા વિહોણી 25 દીકરીઓના લગ્ન ધામધૂમથી કરાશે. આ 'શાહી સમૂહલગ્ન'માં દરેક દીકરીને સોનું, ચાંદી, ફર્નિચર સહિતનો કરિયાવર અપાશે. ઉનાળાને કારણે રાત્રે લગ્ન યોજાશે, જેમાં લાઈવ સિંગર્સ અને રજવાડી મંડપનું આકર્ષણ રહેશે.

**અહેવાલ: નયનભાઈ રાવરાણી**




## ભાવનગર પેરોલ ફર્લો સ્કવોડની સફળતા: 9 વર્ષથી ફરાર આરોપી જેલભેગો

ભાવનગર: ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે બીજા રાજ્યોમાંથી આવતા બુટલેગરો ગુના આચર્યા બાદ વતન ભાગી જતા હોય છે. આવા આરોપીઓને પકડવા પોલીસ માટે પડકારરૂપ હોય છે, પરંતુ ભાવનગર પેરોલ ફર્લો સ્કવોડે ધીરજ અને સચોટ બાતમીના આધારે 9 વર્ષથી ફરાર એક આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

ભાવનગર રેન્જ આઈજી ગૌતમ પરમાર અને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા પેરોલ ફર્લો સ્કવોડ અને LCBને નાસતા-ફરતા આરોપીઓને પકડવા ખાસ ડ્રાઈવ યોજવા સૂચના આપવામાં આવી હતી. આ દરમિયાન સ્કવોડના સ્ટાફને બાતમીદારો મારફતે માહિતી મળી હતી કે, ઘોઘારોડ પોલીસ સ્ટેશનના 2016ના પ્રોહિબીશનના ગુના (ગુના રજીસ્ટર નંબર 720/2016)નો આરોપી ધર્માજી ગૌડ ફરીથી ભાવનગરમાં સક્રિય થયો છે અથવા કોઈ કામસર આવ્યો છે.

બાતમી સ્પેસિફિક હતી કે આરોપી ઘોઘારોડ રબર ફેક્ટરી પાસે જાહેર રોડ પર ઉભો છે અને તેણે ખાખી આર્મી જેવા કલરનું ટી-શર્ટ અને પેન્ટ પહેરેલું છે. પોલીસે ત્વરિત એક્શન લઈ સ્થળ પર રેડ કરી હતી અને વર્ણન વાળા શખ્સને ઝડપી લીધો હતો. પકડાયેલ આરોપી ધર્માજી કેશાજી ગૌડ (ઉંમર 50) મૂળ રાજસ્થાનના બાડમેર જિલ્લાના ગુડુમલાની તાલુકાનો વતની છે અને ખેતીકામ સાથે સંકળાયેલો છે.



છેલ્લા 9 વર્ષથી પોલીસને હાથતાળી આપી રહેલા આ આરોપીની અટકાયત કરી પેરોલ ફર્લો સ્કવોડે તેને ઘોઘારોડ પોલીસ સ્ટેશનને સોંપ્યો છે. આ સફળ કામગીરી પી.આઈ. એ.આર. વાળા અને પી.બી. જેબલિયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફના દીપશંગભાઈ, હરેશભાઈ અને અન્ય જવાનોએ પાર પાડી હતી.


## પાલિતાણામાં તંત્રનું ચેકિંગ: 45 સ્થળોએ દંડ ફટકારાયો




પાલિતાણા શહેરમાં જનઆરોગ્યને અસર કરતી અનિયમિતતાઓ રોકવા તંત્ર સક્રિય બન્યું છે. શહેરમાં ફૂડ સેફ્ટી અને પ્લાસ્ટિક પ્રતિબંધના કડક અમલ માટે વિશેષ ડ્રાઈવ હાથ ધરાઈ હતી, જેમાં અધિકારીઓએ વિવિધ બજારો અને મુખ્ય વિસ્તારોમાં સઘન ચેકિંગ કર્યું હતું. ઝાંખી દરમિયાન જ્યાં અખાદ્ય ખોરાક, હલકી ગુણવત્તાની સામગ્રી અથવા સ્વચ્છતા સંબંધિત ખામીઓ જોવા મળી ત્યાં તરત જ કાર્યવાહી કરવામાં આવી. સાથે જ સિંગલ યુઝ પ્લાસ્ટિક તથા પ્રતિબંધિત પ્લાસ્ટિક થેલીઓના વેચાણ પર તંત્રએ કડક વલણ અપનાવ્યું હતું. આ અભિયાન દરમ્યાન કુલ 45 સ્થળોએ અનિયમિતતા સામે આવતા દંડ ફટકારવામાં આવ્યો છે. તંત્રએ વેપારીઓને ચેતવણી આપી છે કે ગુણવત્તા અને સ્વચ્છતા સંબંધિત મામલામાં કોઈછૂટછાટ આપવામાં નહીં આવે. આ ખાસ ડ્રાઈવથી શહેરના અન્ય વેપારીઓમાં પણ જાગૃતિ અને સતર્કતા જોવા મળી છે.

**રિપોર્ટ: જીશાન ખૂંટ**

## જાંબુડીની યુવતી હર્ષિતા બની પોલીસ કોન્સ્ટેબલ



જાંબુડી ગામના સરપંચ યુનિયન પ્રમુખ અને કોંગ્રેસ અગ્રણી શ્રી લાલજીભાઈ કોટડિયાની સુપુત્રી હર્ષિતા કોટડિયાએ પોલીસ કોન્સ્ટેબલની પરીક્ષા પાસ કરી ગામનું ગૌરવ વધાર્યું છે. બાહોશ પિતાની બહાદુર દીકરીને આ ઝળહળતી સફળતા બદલ ખૂબ ખૂબ અભિનંદન! **રિપોર્ટ: આશિષ વસાવડા**

## મહીસાગર: નકલી નંબર પ્લેટ સાથે ક્રેટા ઝડપાઈ, યુવક જેલભેગો

મહીસાગર: ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપવા વાહનોની ઓળખ છુપાવતા તત્વો સામે મહીસાગર પોલીસે લાલ આંખ કરી છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે બાકોર વિસ્તારમાંથી એક ક્રેટા કારને ઝડપી પાડી છે, જેમાં ખોટી નંબર પ્લેટનો ઉપયોગ થતો હતો.

એસપી સફીન હસનની સૂચના અને LCB પીઆઈ એમ.કે. ખાંટના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ બાકોર વિસ્તારમાં વોચમાં હતો. તે દરમિયાન બાબલિયા ચોકડી પાસેથી પસાર થતી GJ-06-PE-3474 નંબરની ગ્રે ક્રેટા કાર શંકાસ્પદ જણાતા તેને રોકવામાં આવી હતી. પોલીસની ઝીણવટભરી તપાસમાં ભાંડો ફૂટ્યો હતો કે કાર પર લાગેલી નંબર પ્લેટ બોગસ છે અને ગાડીનું સાચું રજીસ્ટ્રેશન RJ-36-CA-8880 છે.

એટલું જ નહીં, કારની તલાશી લેતાં તેમાંથી અન્ય ડુપ્લીકેટ નંબર પ્લેટો પણ મળી આવી હતી. પોલીસે રાજસ્થાનના જાલોર જિલ્લાના અશોક મોહનલાલજી બિશ્નોઈ (ઉ.વ. 21) નામના યુવકની અટકાયત કરી છે. ખોટી ઓળખ ઊભી કરી પોલીસને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ બદલ તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



## મહીસાગર LCBની સફળતા: 4 બાઈક સાથે ચોર ઝડપાયો

મહીસાગર: જિલ્લામાં વધતી જતી વાહન ચોરીની ઘટનાઓને ડામવા માટે મહીસાગર પોલીસ હાઈટેક બની છે. લુણાવાડા ટાઉન વિસ્તારમાંથી ગાયબ થયેલી મોટરસાયકલો શોધવા માટે લોકલ ક્રાઈમ બ્રાન્ચે (LCB) પરંપરાગત તપાસની સાથે ટેકનિકલ એનાલિસિસનો ઉપયોગ કરી સફળતા મેળવી છે. પંચમહાલ રેન્જ આઈજી આર.વી. અસારી અને જિલ્લા પોલીસ વડા સફીન હસનના સીધા સુપરવિઝન હેઠળ LCB પીઆઈ એમ.કે. ખાંટ અને તેમની ટીમે વણશોધાયેલા ગુનાઓ ઉકેલવા ખાસ ડ્રાઈવ યોજી હતી. આ તપાસ દરમિયાન LCBના કોન્સ્ટેબલ વિક્રમભાઈ અને મયુરભાઈએ ટેકનિકલ ડેટાના આધારે કેટલાક શંકાસ્પદ નામો તારવ્યા હતા.

આ દિશામાં તપાસ ચાલુ હતી ત્યાં જ પેટ્રોલિંગમાં રહેલા સ્ટાફના રાજપાલસિંહ અને કાર્તિકકુમારને સચોટ બાતમી મળી હતી. બાતમી એવી હતી કે ટેકનિકલ તપાસમાં જેનું નામ ખૂલ્યું છે તે અદનાન યાસીન પઠાણ (રહે. ચારણગામ) ચોરીની બાઈક સાથે વરધરી રોડ પરથી લુણાવાડા તરફ આવી રહ્યો છે. પોલીસે સમય વેડફ્યા વગર વોચ ગોઠવી તેને રસ્તા પર જ ઝડપી પાડ્યો હતો.

આરોપીની પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. તેણે કબૂલાત કરી હતી કે આ બાઈક ચોરીની છે અને તેણે આ ઉપરાંત અન્ય ત્રણ બાઈક પણ ચોરી છે. આ ગુનામાં તેને ગોધરાના આદિલ તલાટીએ સાથ આપ્યો હતો. LCBએ ત્વરિત કાર્યવાહી કરી કુલ 4 ચોરીની બાઈક રિકવર કરી છે અને આરોપી સામે લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશનમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




## મહીસાગરમાં કિયા કારમાંથી દારૂનો મોટો જથ્થો ઝડપાયો

મહીસાગર જિલ્લામાં પ્રોહિબીશન દરમિયાન દારૂહેરાફેરીનો એક નવો કિસ્સો સામે આવ્યો છે. બાકોર વિસ્તારમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગ દરમ્યાન સક્રિય હતી ત્યારે ચોક્કસ માહિતી મળી હતી કે સફેદ કિયા સેલ્ટોસ કાર (GJ31BB1037)માં રાજસ્થાનથી વિદેશી દારૂ લાવવામાં આવી રહ્યો છે અને વાહન પાંડરવાડા તરફથી બાબલિયા ચોકડી તરફ જવાની શક્યતા છે.

માહિતીના આધારે ગાંધિયાના મુવાડા પાસે વોચ ગોઠવાઈ અને થોડા સમય બાદ શંકાસ્પદ કારને અટકાવવામાં આવી. તપાસ દરમિયાન કારમાંથી અંદાજે ₹4,60,622 કિંમતનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. સાથે જ કાર સહિત કુલ ₹12,95,622નું મૂલ્ય ધરાવતો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો છે. વાહનમાં સવાર બે વ્યક્તિઓને સ્થળ પરથી જ અટકાવવામાં આવ્યા છે. સમગ્ર ઘટનાને લઈને બાકોર પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે અને આગળની કાર્યવાહી ચાલુ છે.




**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**